દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

# દિલ્હીની AI સમિટઃ આ ક્ષેત્રના વૈશ્વિક ખેલાડી તરીકે ભારતનું સ્થાન મજબૂત બન્યું

દિલ્હીમાં ૧૬થી ૨૦ ફેબ્રુઆરી સુધી એઆઇ ઇમ્પેક્ટ સમિટ યોજાઇ રહી છે. જ્યારે અગાઉની વૈશ્વિક સભાઓ - જેમાં યુકેની AI સેફ્ટી સમિટ એટ બ્લેચલી પાર્ક (2023), સિઓલ સમિટ (2024) અને પેરિસની બેઠક (2025) સામેલ છે - તેમાં ફ્રન્ટિયર જોખમો, સુરક્ષાના માપદંડો અને સ્વૈચ્છિક પ્રતિબદ્ધતાઓ પર નોંધપાત્ર ભાર મૂકવામાં આવ્યો હતો, ત્યારે ભારત હવે AI ની વિકાસલક્ષી અસર અને વાસ્તવિક દુનિયાના ઉપયોગોને પ્રાધાન્ય આપીને આ દાયરાને વિસ્તૃત કરી રહ્યું છે, જે આર્થિક વૃદ્ધિ, સામાજિક સમાવેશ અને ટકાઉપણું લાવી શકે છે. આ સમિટની થીમ લોકો, પૃથ્વી અને પ્રગતિ છે.

ભારત વિશ્વના સૌથી મોટા ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાંના એકનું નિર્માતા છે, જેણે વૈશ્વિક માન્યતા મેળવી છે, અને તે ઝડપથી વિકસતા સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનું ઘર છે. ‘ઇન્ડિયાAI મિશન’ ના કમ્પ્યુટ ક્ષમતા, ડેટાસેટ્સ અને કૌશલ્ય વર્ધનના ટેકા સાથે, આ સમિટ નવી દિલ્હીની એ વ્યૂહરચનાનો સંકેત આપશે કે જેમાં ઝડપી ઇનોવેશન અને યોગ્ય સુરક્ષા વચ્ચે સંતુલન જાળવીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કેવી રીતે કરવો. વિશ્વભરના સરકારો, વૈશ્વિક ટેક ઉદ્યોગના દિગ્ગજો, સંશોધકો, સ્ટાર્ટઅપ્સ, વિદ્યાર્થીઓ અને નાગરિકો AI યુગમાં ભવિષ્ય કેવું દેખાશે તેની ઝલક મેળવવા માટે આ મહત્વપૂર્ણ ચર્ચાઓમાં જોડાઇ રહ્યા છે. ગ્લોબલ નોર્થ અને ગ્લોબલ સાઉથના પ્રતિનિધિઓની સહ-અધ્યક્ષતામાં સાત વિષયવાર કાર્યકારી જૂથો (Working Groups) ચોક્કસ પરિણામો રજૂ કરશે, જેમાં AI કોમન્સ, વિશ્વસનીય AI ટૂલ્સ, શેર કરેલ કમ્પ્યુટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વિવિધ ક્ષેત્રો માટે AI ના ઉપયોગના કેસનો સમાવેશ થાય છે. પાંચ દિવસમાં આયોજિત 700 થી વધુ પાવર-પેક્ડ સત્રોમાં AI સુરક્ષા, ગવર્નન્સ, નૈતિક ઉપયોગ, ડેટા સુરક્ષા અને ભારતના સોવરિન AI અભિગમ પર ધ્યાન આપવામાં આવશે, જેમાં વ્યૂહાત્મક ક્ષેત્રો માટે સ્વદેશી ફાઉન્ડેશન મોડલ્સનો વિકાસ સામેલ છે. સમિટમાં AI વ્યવસાયો અને ઉદ્યોગોને કેવી રીતે અસર કરી રહ્યું છે, બદલાતા જોબ માર્કેટ માટે નવી કૌશલ્ય જરૂરિયાતો અને ખેડૂતો, નાના વ્યવસાયો તથા વ્યક્તિઓને મદદ કરવામાં AI ની ભૂમિકા વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે.

જેમ જેમ ઓટોમેશન ઉદ્યોગોને નવો આકાર આપી રહ્યું છે, તેમ કાર્યબળની સજ્જતા કેન્દ્રસ્થાને આવશે. ભારત પાસે વિશ્વના સૌથી યુવા કાર્યબળમાંનું એક છે, જેમાં 65 ટકાથી વધુ વસ્તી 35 વર્ષથી ઓછી ઉંમરની છે, જે રાષ્ટ્રને આ નવા યુગમાં નોંધપાત્ર લાભ આપે છે. આ સાનુકૂળ વસ્તી વિષયક પ્રોફાઇલને જોતા, ટેક-સજ્જ ટેલેન્ટ બેઝને AI-સંચાલિત ઉદ્યોગો માટે તાલીમ આપી શકાય છે અને અનુકૂલિત કરી શકાય છે, જે નવીનતા, ડિજિટલ સેવાઓ અને ભવિષ્ય માટે તૈયાર નોકરીઓ માટે પાયો બનાવે છે. AI-કેન્દ્રિત તાલીમ કાર્યક્રમો અને ભારતના વિશાળ IT સેવા ક્ષેત્ર પર તેની વ્યાપક અસરો આગામી દિવસોમાં ચર્ચાઓમાં મુખ્યત્વે જોવા મળશે. એઆઇ સમિટ સમગ્ર વિશ્વ માટે લાભકારી બની રહે એવી આશા રાખીએ.

## અનેક નાની નાની મજા



આપણે બધા જ એમ વિચારીએ છીએ કે ...પાસે ઘણા બધા પૈસા હોય મોટું ઘર મોટું મિત્ર વર્તુળ હોય શનિ રવિ ફાર્મહાઉસમાં વીતે અને વેકેશન વિદેશમાં તો જીવન જીવવાની મજા જ મજા શરીર પર મોંઘા કપડા હાથમાં બ્રાન્ડેડ ઘડિયાળ અને પગમાં મોંઘા સૂઝ તો જીવન જીવવાની મજા જ મજા કોઈ જવાબદારી ન હોય મનફાવે તેમ કરવાની ..ઈચ્છા થાય તેટલા પૈસા વાપરવાની છૂટ હોય તો જીવન જીવવાની મજા જ મજા સાચી વાત છે બધા જ આવું જીવન જીવવાના સપના જુએ છે પ્રશ્ન છે શું આવું જ હોય તો જ જીવન જીવવાની મજા આવે ?????

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જવાબ છે ‘ના’ આવું બધું જ તો બધા પાસે ન જ હોય પણ જીવન જીવવાની મજા બધા જ લઇ શકે જો લેવી હોય તો રોજ સવારે ઉઠીને ભગવાનને જીવવા એક વધુ નવો દિવસ આપ્યો ઈશ્વરનો આભાર માનવાની મજા છે જાતે ચા બનાવી કોઈને ઊંઘમાં ખલેલ પહોચાડ્યા વિના ગેલેરીમાં ઉભા રહી એકલા ચા પીવાની મજા છે તો બધા માટે ચા બનાવી ..ગાંઠિયા જલેબી લઇ આવી રવિવારની સવારે બધાને ઉઠાડી સાથે નાસ્તો કરવાની મજા છે રસ્તમાં રડતાં બાળકને ચોકલેટ અપાવી હસાવવાની મજા છે મોટા બા સાભળે ઓછું પણ તેમની સાથે બરાડા પાડી બોલવાની મજા છે ઝઘડા કરી એકબીજા જોડે અબોલા લઇએ પણ રાત્રે ઊંઘમાં ચાદર ઓઢાડવાની મજા છે નાના બાળકની જીદ પૂરી કરવામાં અને મોટા થયા બાદ પણ માતા પિતા પાસે જીદ કરવાની મજા છે આમ ભલે દુઃખમાં આંસુડા છુપાવીએ પણ ક્યારેક મા ના ખોળામાં સુઈ રડીને દુઃખનો ભાર હળવો કરવામાં મજા છે જૂના દોસ્તને રોજ ભલે ન મળીએ પણ જયારે મળીએ ત્યારે ધબ્બો મારી ભેટવામાં મજા છે રસોઈ થઇ ગઈ હોય છતાં તેને ફ્રીજમાં મૂકી બહાર પાણીપુરી ભેલ ખાવા જવામાં મજા છે જૂના ફોટો જોઈ સાથે તે દિવસો ફરી યાદ કરવામાં મજા છે બાળપણને યાદ કરી દરિયા કિનારે ખુલ્લા પગે ભીની રેતીમાં દોડવાની મજા છે વરસતા વરસાદમાં બધું ભૂલીને ભીંજાવાની મજા છે આવી તો કેટલીય વાતો છે જે કરવા માટે એક રૂપિયો પણ વધુ લાગવાનો નથી છતાં મજા ભરપુર આવવાની છે તેની ગેરેંટી છે આ વાંચતા તમે પણ કઈ કેટલી આવી વાતો યાદ કરી લીધી હશે ચાલો મજા કરવાની વાતોનું લીસ્ટ વધારતાં જાવ અને મજા કરતા રહો કરાવતા રહો

# આર્થિક-સામાજિક અસમાનતાના પાયામાં શિક્ષણની અસમાન તકો છે

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**એક તરફ શહેરમાં બાળકો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરે છે. ખાનગી ટ્યુશન કલાસીસમાં વધારાનું શિક્ષણ મેળવે છે. વળી બધાને ડોક્ટર, એન્જિનિયર, વકીલ, સી. એ. જ બનવું છે એટલે વ્યાવસાયિક શિક્ષણની જ બોલબાલા છે. આ બાળકોને પણ સમાજજીવન અને સાંસ્કૃતિક પરમ્પરાની કાંઈ ખબર નથી. નાગરિક શિક્ષણનો તો આપણે જ છેદ ઉડાવી દીધો છે**

દેશમાં રાજકીય માહોલ સતત વ્યગ્ર અને ઉગ્ર રહે છે. રાજકીય ચર્ચાઓમાં કોઈને શિક્ષણ માટે નિરાંતે વિચારવાનો સમય નથી. પણ, શિક્ષણજગત સતત નિસ્બત સાથે વિચારતાં રહેવાનું ક્ષેત્ર છે. અહીં માત્ર માહિતીથી વિશ્લેષણ કરવું અધકચરું સાબિત થાય. શિક્ષણજગતમાં એક તરફ પરીક્ષામાં થોડા ઓછા ટકા આવવાથી આપઘાત કરી લેતાં યુવાનો છે જ્યારે બીજી તરફ લાખો વિદ્યાર્થીઓ પરીક્ષાના છેલ્લા દિવસ સુધી કોઈ તૈયારી જ કરતા નથી. એક તરફ એવી શાળા કોલેજો છે, જ્યાં વિદ્યાર્થી કે શિક્ષક એક દિવસની રજા પાડવા માટે બે વાર વિચાર કરે છે જ્યારે હજારો શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ પ્રવેશ લીધા પછી માત્ર પરીક્ષા આપવા જ જાય છે. ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે વ્યાપક અસમાનતા વધતી જાય છે. છેલ્લાં વર્ષોમાં ખાસ તો કોરોના પછી એક સત્ય સ્પષ્ટ થઇ ગયું છે કે જે અત્યંત હોશિયાર ખરા અર્થમાં કેળવાયેલ છે. તેને કોઈ સ્પર્ધા જ નથી. જે સ્પર્ધા છે તે તો મધ્યમમાર્ગી યુવાનોને છે અને ત્યાં ભીડ વધુ છે. આપણે ત્યાં ગામડાંમાં કોઈ એક સરકારી પ્રાથમિક શાળા જુવો અને શહેરની હાઈ-ફાઈ સ્કૂલ જુવો તો સમજાશે કે કોઈ એક સ્કૂલ કે કોલેજના એક દિવસના અનુભવથી આખા શિક્ષણ વિષે તારણ કાઢવાં યોગ્ય નથી. હમણાં જ એક અધિકારીએ એક પ્રાથમિક સ્કૂલની મુલાકાત લઇ પોતાનો મત રજૂ કર્યો ત્યારે આ વિવાદ સર્જાયો હતો.

ગુજરાતની સરકારી શાળાનું કેટલુંક સત્ય છે. સામાજિક, આર્થિક પરિબળોની અસર છે. તે સૌ પ્રથમ જાણવી જરૂરી છે ખાસ કરીને પ્રાથમિક શિક્ષણ માટે. એક તો ગુજરાતમાં શહેરી ઉચ્ચ અને ઉચ્ચ મધ્યમ વર્ગ પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં જ ભણાવવા માગે છે અને કોઈ સરકારી પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી માધ્યમમાં ભણાવાતું નથી, એટલે અંગ્રેજી માધ્યમનાં આશિકો તો પોતાનાં બાળકોને ખાનગી અંગ્રેજી માધ્યમ સ્કૂલમાં જ ભણાવે છે. બીજું સરકારી શાળામાં લાયકાતવાળાં શિક્ષકો હોવા છતાં ત્યાં ગરીબ, સામાજિક, પછાત વર્ગનાં બાળકો ભણે, એટલે આ બાળકો સાથે પોતાનાં બાળકોને ના ભણાવી શકાય તેવી ગુજરાતી સામાજિક, માનસિક પરિબળોને કારણે ૧૯૯૧ પછી માતા- પિતા બાળકોને ખાનગી પ્રાથમિક શાળામાં ભણાવવા લાગ્યાં છે. એક રીતે ગુજરાતનાં માતા-પિતા બાળકના સારા શિક્ષણ માટે ખાનગી સ્કૂલના ખર્ચા નથી ભોગવતા પણ પોતાનાં બાળકોને ગરીબ, સામાજિક-પછાત બાળકો સાથે નહીં ભણાવવાનો ખર્ચ ભોગવે છે મતલબ કે નફરતની કિંમત ચૂકવે છે.

ટૂંકમાં અંગ્રેજી માધ્યમ અને ખાનગી સ્કૂલોમાં ભણાવવાના સ્ટેટસને કારણે સરકારી શાળાઓમાં દિન-પ્રતિદિન વિદ્યાર્થી સંખ્યા ઘટતી જાય છે. આજનું સત્ય એ છે કે ગ્રામીણ, અંતરિયાળ વિસ્તારોની સરકારી પ્રાથમિક શાળામાં માત્ર મજૂર, ગરીબ અને સ્થળાંતરિત કુટુંબોનાં બાળકો જ પ્રવેશ મેળવે છે. ઘણી જગ્યાએ તો શાળાના આચાર્ય શિક્ષકો ગામ સીમમાં ફરીને આવાં બાળકોનો પ્રવેશ નોંધે છે. સ્વાભાવિક છે કે આવાં બાળકોની શાળામાં નિયમિત હાજરી હોય જ નહીં. મજૂરીએ જતાં માતા પિતાનાં બાળકોની તકલીફો જ જુદી હોય છે. આવાં બાળકો થોડાં મોટાં થતાં જ નાના ગલ્લા લારી પર મજૂરી કરવા માંડે છે. એટલે કોઈ સ્કૂલમાં પહોંચીને ઉપરછલ્લું નિરીક્ષણ કરવું અને મત રજૂ કરવો તે બેજવાબદારી છે.

આપણી અગત્યની સમસ્યા છે અસમાનતા. જો અધિકારીઓ કે નેતાઓને દેશની થોડી પણ ચિંતા હોય તો તેમણે દેશમાં વધતી આર્થિક, સામાજિક, રાજકીય અસમાનતા વિષે વિચાર કરવો જોઈએ. અસમાનતા સંપૂર્ણ દૂર થઇ શકે નહીં. બંધારણમાં જે સમાનતાની વાત છે તે “તક”ની સમાનતાની વાત છે અને સરકારે સત્તાવાળાએ આ તકની અસમાનતા ઘટાડવા કામ કરવાનું છે અને એમાંય ખાનગીકરણ અને શહેરીકરણના સમયમાં શિક્ષણમાં તકની જે અસમાનતા ઊભી થઈ છે તે હવે ચિંતાજનક રીતે મોટી થતી જાય છે.

એક તરફ શહેરમાં બાળકો અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કરે છે. ખાનગી ટ્યુશન કલાસીસમાં વધારાનું શિક્ષણ મેળવે છે. વળી બધાને ડોક્ટર, એન્જિનિયર, વકીલ, સી. એ. જ બનવું છે એટલે વ્યાવસાયિક શિક્ષણની જ બોલબાલા છે. આ બાળકોને પણ સમાજજીવન અને સાંસ્કૃતિક પરમ્પરાની કાંઈ ખબર નથી. નાગરિક શિક્ષણનો તો આપણે જ છેદ ઉડાવી દીધો છે. આ બધાની સામે બીજો મોટો વર્ગ નીચી ગુણવત્તાવાળા શિક્ષકો. શોષણ પામતાં શિક્ષકોની ખાનગી સ્કૂલોમાં અધકચરું શિક્ષણ મેળવે છે જ્યારે ગામડાંમાં અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષકો વગર, સુવિધા વગર મજૂર વર્ગનાં બાળકો શિક્ષણ મેળવે છે. એટલે ગુજરાતની નવી પેઢીમાં શિક્ષણ અને જાહેર સમજણમાં મોટી અસમાનતા જોવા મળી રહી છે. આની અસરો દેખાવા પણ માંડી છે. સમાજમાં સમજણની અસમાનતા વધતી જાય છે. તે સામાજિક અસ્થિરતા પણ સર્જે છે. આપણને આજે એવા ડોક્ટર મળે છે જેને ભારતીય સંસ્કૃતિ વિષે પ્રાથમિક માહિતી પણ નથી એવા એન્જિનિયર મળે છે, જે ગ્રહ નક્ષત્ર વિષે કાંઈ જાણતા નથી. આનું પરિણામ એ આવે છે કે વોટ્સેપ કે સોશ્યલ મીડિયામાં આવતી પોસ્ટોથી સૌ અચંબિત થઈ જાય છે. આ અચંબો અને આશ્ચર્ય અજ્ઞાનતાને કારણે છે. જ્ઞાનની અસમાનતાને કારણે છે. આ દૂર થાય તેની ચિંતા કરો. બાકી સરકારી શાળાનાં બાળકોએ ગુજરાતનાં તમામ બાળકોનું સાચું ચિત્ર રજૂ કરતાં નથી. એમાંય શહેરની શાળા, નગરની શાળા કે જાગૃત ગામની શાળાની સ્થિતિ અલગ જ હોય છે. ગુજરાતમાં એક જ્ઞાતિની બહુમતીવાળાં અનેક ગામડાંઓમાં જ્ઞાતિ સમાજના આગેવાનો રસ લઈને સરકારી શાળાને સુવિધાસભર બનાવવાના પ્રયત્ન કરે છે તેવા પણ દાખલા જોવા મળે છે. જ્યાં ગામ સમૃદ્ધ છે, નાગરિકો જાગૃત છે ત્યાં આગેવાનો સ્થાનિક સરકારી શાળામાં થોડું ધ્યાન આપે તો સારાં પરિણામો મળી શકે તેમ છે. સરકાર અને સ્થાનિક નેતાગીરી સાથે મળી ને આ કામ કરે, શિક્ષણ એ સૌની જવાબદારી છે. જેમ બાળકોને મારવાથી હોશિયાર નથી કરી શકાતાં એમ શિક્ષકોને સતત ઉતારી પાડવાથી સમગ્ર શિક્ષણ સુધારી નથી શકાતું. શિક્ષણ એ એક પ્રક્રિયા છે જે સતત પ્રયત્નો અને નિસ્બતથી જ સુધરી શકે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# પરમ સમીપે તું લઈ જા....!

## મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**દુનિયા પણ એક રંગભૂમિ છે મામૂ..! ને માણસ એનો અભિનયસમ્રાટ..! પ્રસંગ પ્રમાણે એ અભિનય પણ કરે ને વેશ પણ ભજવે..! સ્વાર્થ હોય તો પંચામૃત પીરસે ને સ્વાર્થ મટ્યા તો, બારમાના લાડુ પણ નહિ આપે..! નહિ તો એને માપી શકાય, કે નહિ તો એને પામી શકાય**

ખતરનાક જમાનો આવ્યો બોસ..! પાંચમો માણસ ખાંધ ઉપર કફન ઓઢીને ના સૂએ, ત્યાં સુધી, ચાર માણસ સીધા ચાલતા નથી. જીવતો હોય ત્યારે ઊંચકી લેતા ફોડચી કઈડે ને મરે ત્યારે સ્મશાન સુધી મૂકવા જાય..! આહુંડાની પાઈપ લાઈન ફોડીને પાછા કહેતા જાય, ‘કંઈ કામકાજ હોય તો કહેજો, હું બેઠો છું..!’ને...એ બેઠો જ હોય..! એના કપાળમાં કાંદા ફોડું, આજે જીવતો રાંકનો અને મરેલો સવા લાખનો બની જાય એવી આંધળી તરાહ છે. શોકસભા જો મળી હોય તો એવું શુરાતન કાઢે કે જાણે સ્વજને નહિ ચાલતી પકડી હોય..? સંત તુલસીદાસે પણ, ભગવાન શ્રી રામના વખાણ નહિ કર્યા હોય, એનાથી વધારે શાબ્દિક વ્યભિચાર કરે. મોછલું-મોછલું એવું બોલે કે, સાંભળનારને મધુપ્રમેહ થઇ જાય..! વિચાર કરતાં થઇ જઈએ કે, ગઈ કાલ સુધી તો આ ભમરડો મરનારની કૂથલી કરતો હતો ને આજે જેઠીમધનાં મૂળિયાં ચાવે છે. પેટછૂટી વાત એ છે કે, આ ધરતી ઉપર અમરપટો લઈને કોઈ ટપકેલું નથી. દરેક જણ અમુક જ સમય સુધીના વિઝા લઈને આવેલા. ધરતીના વિઝા પૂરા થાય એટલે, ચુપચાપ ચાલતી જ પકડવાની હોય. પ્રોબ્લેમ બે વાતનો છે, કે એકલો પતી જાઉં, ને બાકીના જલસા કરે એ સાલું, સહન નહિ થાય..! ઈચ્છાઓ અધૂરી રહી જાય ને શ્વાસ પૂરા થઈ જાય તે તો મુદ્દલે નહિ ફાવે..! એ તો સારું છે કે, ભગવાનનાં સરનામાં ધરતી ઉપર નથી, બાકી સરનામાં શોધીને આંદોલન કાઢે..! મોટી ઉંમરવાળાને પડતો મૂકીને, નાલ્લાને ઊંચકી લીધો તો ભ્રષ્ટાચારનાં ઢોલ ભગવાનના આંગણે પણ વગાડે..! શરમ નહિ રાખે..!

દુનિયા પણ એક રંગભૂમિ છે મામૂ..! ને માણસ એનો અભિનયસમ્રાટ..! પ્રસંગ પ્રમાણે એ અભિનય પણ કરે ને વેશ પણ ભજવે..! સ્વાર્થ હોય તો પંચામૃત પીરસે ને સ્વાર્થ મટ્યા તો, બારમાના લાડુ પણ નહિ આપે..! નહિ તો એને માપી શકાય, કે નહિ તો એને પામી શકાય. સામે મળે તો મધઝરતો ને પીઠ પાછળ આપણા જ નામનાં છાજીયાં કૂટે..! મૃત્યુનો ભય એ જીવતરનું સ્પીડબ્રેકર છે. આધુનિક ગીતા છે. જીવનમાં બધા આઘાત સહન થાય, પણ મૃત્યુની હવા લાગી તો, બાહુબલીના ફુગ્ગામાંથી પણ હવા નીકળી જાય. ‘પોચકા મનના માનવીનાં તો હૈયાં હલવા માંડે. હૈયું, ડાબેથી જમણે ચાલી જાય ને ફેફસાંની બખોલમાં સંતાઈ જાય..!

મૃત્યુનો ડર જ એવો છે દાદૂ..! અમુક તો એવાં ઋજુ હૃદયનાં કે, છાપામાં શ્રધ્ધાંજલિ વંચાઈ જાય, તો પણ ફરી ન્હાવા જાય. એવા ઘનઘોર શ્રધ્ધાળુ..! ત્યારે અમુક તો એવા અઘરા કે, શ્રધ્ધાંજલિથી જ છાપું વાંચવાની શરૂઆત કરે..! એ વગર કોઠો સાફ જ નહિ થાય. શ્રધ્ધાંજલિ વગરનું છાપું આવે તો છાપાં પણ બદલી નાંખે..!

મરનારના પરિવાર માટે ભલે શ્રધ્ધાંજલિ કહેવાય, પણ કેટલાક ગૃહ-કેદીઓ (ઘરમાં ગોંધાયેલા) માટે તો એ ‘ખુશખબર’ હોય. એટલા માટે કે એકાદ ઓળખીતાનું બેસણું નીકળે તો, એ બહાને બહાર પગ છૂટા કરવા નીકળાય ને વોકિંગ થાય તે બોનસ..! જૂનાં મિત્રોને મળે, પ્રેમ-ગોષ્ઠી થાય અને એકબીજાની બળતરાની આપ-લે તો થાય..!

એક પણ માણસ એવો ના હોય કે, જે કોઈના બેસણામાં ના ગયો હોય. કોઈની ને કોઈની કાળપત્રિકા તો મળી જ હોય. શોકસભામાં જવું એ સંસ્કાર છે. જથ્થાબંધ માણસ મળે એની સાથે ગોષ્ઠી થાય ને મૃતક સ્વજનનોને પણ સાંત્વના મળે. બેસણામાં જવું, બોલવું ને વર્તવા માટે પણ શિષ્ટાચાર હોય. અમુક તો સળી કરવાની આદત બેસણામાં પણ નહિ છોડે., સખણા જ નહિ રહે. સાળીના સીમંતમાં આવ્યા હોય, વર્તે..! હરામ્મ બરાબર જો બેસણાનો મલાજો સાચવતા હોય તો..! એમાં મોંઢામાં માવો તો પાછો દબાવ્યો જ હોય..! પિચકારી ગળતો જાય ને, કૂથલી કરતો જાય. ખુલ્લાં ગરનાળાં જેવા લાગે..! પીઠ પાછળ “હોઓહાઆઆ”પણ કરે ને સામે મળે તો “હાહાહીહી” પણ કરે. પછી તો જેવા જેવા જોગ..!

લગનનો માંડવો આંગણે બંધાય કે નહિ બંધાય, પણ દરેકનાં નાનાં મોટાં બેસણા તો થવાનાં જ..! એને બેસણું જ કેમ કહેવામાં આવે છે, ને ‘ઉભણું’ કેમ કહેવામાં આવતું નથી, એની ખબર નથી, બેસણું હોવા છતાં પણ અમુક તો પગરખાને તડકે મૂકવા આવ્યાં હોય એમ ‘ઉભણા’ કરવા જ આવ્યા હોય, એમ ‘’જે જે’ કરીને ચાલતી જ પકડતા હોય..! મરણ છે ભાઈ..! આજે એનો વારો તો કાલે આપણો પણ આવે, ભરોસો નહિ..! લગનના માંડવા બંધાય એમ, બેસણાંના માંડવા બાંધવાનો સમય આવવાનો જ છે.

સાલી તકલીફ હસતા ચહેરાવાળાને પડે. એવાં લોકો દર્દ કરતાં હાસ્યના બંધાણી વધારે હોય. બિચારા નકલી દેખાડો પણ, ક્યાં સુધી ટકાવે..? જેની મુખમુદ્રા ઉપરથી હાસ્ય વીલાતું જ ના હોય, એના માટે ગંભીર બનવું ખાવાના ખેલ નથી. જે ગંભીર હોય એને અશુભ પ્રસંગમાં ફાવટ આવે, બાકી અમારો ચમનિયો એટલે ચાર્લી ચેપ્લિનનો અવતાર..! બેસણામાં પણ સંગીત ખુરશીની રમત રમતો હોય એમ, ચારેય બાજુ ફરી વળે. એક વાર મારી સાથે એને એક બેસણામાં લઇ ગયેલો. બેસણું હોલમાં રાખેલું.. મને કહે,‘રમેશિયા..! આ ફોટાવાળા ભાઈના બેસણામાં તો હું આ છઠ્ઠી વખત આવ્યો..! મેં કહ્યું, ‘તું જે ફોટો જુએ છે એ મરનારનો નથી, આ હોલના દાનદાતાનો છે. મરનારનો ફોટો તો નીચે ટેબલ ઉપર છે, જેના ઉપર સુખડનો હાર ચઢેલો છે. સાલી, શોકસભા પણ જોક્સભામાં ફેરવાઈ જાય..!

**લાસ્ટ ધ બોલ**

જીવન અકથ્ય છે બોસ..!
બધા જ પુરુષોને અપ્સરા જેવી
‘વાઈફ’ મળતી નથી. કેટલાંકને
‘અપ્સરા’ને બદલે ‘અપ્સરા’ની
પેન્સિલ પણ મળે. એમ બધી
જ પત્નીના નસીબમાં બાદશાહ
જેવા પતિ હોતા નથી, ક્યાંક
‘બાદશાહ’ મસાલાથી પણ મન
મનાવી લેવું પડે..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## હેપી એન્ડ હેલ્ધી સિટી

તા. 7/2/25ના રોજ બીજી વાર સ્થાયી સમિતિના અધ્યક્ષ દ્વારા સુરત મનપાનું સુધારા-વધારા સાથેનું બજેટ રજૂ થયું. શહેરની જનતા પાસે વેરા સ્વરૂપે જે રકમ લેવામાં આવે છે તેને અનુલક્ષીને સંતોષકારક જનહિત સેવાઓ જેમકે શહેરના રસ્તાઓ, પાણીની સુવિધા, સ્ટ્રીટ લાઈટ સુવિધાઓ શું પૂરી પાડવામાં આવે છે? જવાબ ભૂતકાળના અનુભવો પરથી બજેટમાં જોગવાઈ પરંતુ અમલ કરવામાં આવતો નથી જે હકીકત છે, જે સ્વીકારીને સુધારા કરવા જરૂરી છે. ખાદ્ય પદાર્થોમાં વસ્તુઓમાં ભેળસેળ પરંતુ કડક કાર્યવાહીનો અભાવ જોવા મળે છે. જો સુરતને હેપી એન્ડ હેલ્ધી સિટી બનાવવાનું અભિયાન સફળ કરવું હોય તો જનહિત યોજનાઓના અમલમાં થતી નબળાઈઓ શાસકોએ દૂર કરવી એ સૌથી મોટી પ્રાથમિકતા છે.

**સુરત -રાજુ રાવલ**

## કર્મનું ફળ

સાચી દિશામાં કરેલાં કર્મ,આપણા ભવિષ્ય અને વર્તમાન બન્નેને બદલવાની તાકાત ધરાવે છે.કોઈ ખબર ના પૂછે તો ખોટું નહીં લગાડવાનું, કેમકે આ દુનિયામાં ખબર પૂછવાવાળા ઓછા છે ને ખબર ફેલાવવાવાળા વધારે છે. અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખમાં હોય છે સાહેબ,જ્યારે સંજોગોને અનુકૂળ બનાવી જીવતો માણસ આનંદમાં હોય છે.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

## બારડોલીને જિલ્લો બનાવો

બારડોલી નગરપાલિકા અને તાલુકો જ નહીં બારડોલી ખુદ એક ઈતિહાસ છે. સરદાર, ગાંધી, નહેરુ, સુભાષચંદ્ર, કસ્તુરબાનાં સ્વાતંત્ય આંદોલનની ગૌરવગાથા છે. બારડોલી સુરત જિલ્લાનો તાલુકો છે પણ મહુવા, પલસાણા, કામરેજ, માંડવી, વ્યારાનાં ઘણાં ગામોની મધ્યે બારડોલી હોવાથી આ ગામો સામેલ કરીને એક અલગ જિલ્લો જાહેર કરવો જોઈએ. મીંઢોળાના કિનારે વસેલું નગર રેલવે અને એક્સપ્રેસ હાઈ વે, નેશનલ હાઇ વેથી જોડાએલું છે. જિલ્લો બનવાથી વહીવટી કામકાજ ઝડપી બનશે. લોકોનો સમય બચશે અને કૃષિપ્રધાન વિસ્તારને નવી ઓળખ મળશે. શૈક્ષણિક દૃષ્ટિએ પણ કોલેજ, શાળા અને સામાજિક સંસ્થાઓ અહીં ખૂબ સક્રિય છે. હોસ્પિટલથી લઈ ઘણી માળખાગત સુવિધાઓ છે તેનાથી વધશે, જેનો લાભ આ વિસ્તારને મળી શકે. બીજું, જિલ્લો બનાવવાની માંગ લાગણીનો પ્રશ્ન નથી પરંતુ વહીવટી સરળતા માટે પણ ઐતિહાસિક બારડોલીને માન મળે તો બારડોલી માટે ઐતિહાસિક ક્ષણ હશે.

**સુરત - મુકેશ બી. મહેતા-બામણિયા**

## દીકરીનો ક્રિકેટમાં ડંકો

આદિવાસી બહુમતી ધરાવતા ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં ચીરાપાડા ગામની 13 વર્ષની ફેની ચૌધરીની પસંદગી બીસીસીઆઈ અંડર 15 મહિલા વન-ડે ટ્રોફી માટે થઈ છે. આ ઐતિહાસિક સિધ્ધિ મેળવી ફેનીએ સમગ્ર ડાંગ જિલ્લાનું તથા આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યું છે. ફેની અત્યારે ધો.8 માં જે.બી. એન્ડ કોર્પ વિદ્યા સંકુલ, કામરેજ ખાતે અભ્યાસ કરી રહી છે. ફેની માત્ર ક્રિકેટર જ નહિ, પરંતુ નેશનલ લેવલ એથિલિટ પણ છે. તાજેતરમાં ચિલ્ડ્રન યુનિ ટી., ગાંધીનગર ખાતે આયોજીત એથ્લેટિક્સ મીટમાં 800 મીટર દોડમાં પણ પ્રથમ આવી હતી. ફેની ક્રિકેટમાં એક ઓલરાઉન્ડર ખેલાડી તરીકે પોતાની અલગ ઓળખ બનાવી રહી છે. સુરત સ્થિત ફ્રી ક્રિકેટ એકેડમી ખાતે તેને કોચ ધનસુખભાઈનું માર્ગદર્શન મળી રહ્યું છે. વળી અન્ય એક કોચ ચિરાગભાઈ તરફથી પણ તેને પ્રોત્સાહન મળે છે. ફેની સમગ્ર આદિવાસી સમાજ અને ડાંગ જિલ્લા માટે ગૌરવનું પ્રતીક બની છે. ફેનીના પિતા અરવિંદભાઈ ચૌધરી સુરત (કામરેજ - વાવ) ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવી રહ્યા છે. પહેલાંની જેમ એવું નથી કે ક્રિકેટરો માત્ર મોટાં શહેરોમાંથી જ પસંદગી પામે. વૈભવ સૂર્યવંશી બિહારના સમસ્તીપુર જિલ્લાના તાજહર ગામનો છે અને ક્રિકેટમાં તરખાટ મચાવી રહ્યો છે.

**યુ.એસ.એ. - ડૉ. કિરીટ એન. ડુમસિયા**

## આજના પડકારો

આજના સમયમાં માનવતા સામે મોટો અને ભયાનક પડકાર ઊભો થયો છે. આતંકવાદની ઘટનાઓ, યુધ્ધો અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ તરંગી અને અવિશ્વસનીય રાજકીય નેતાઓ, ચીનની કુટિલતા અને દગાખોરી, પાકિસ્તાનમાં ભારત વિરોધી દ્વેષ, નેપાળ અને બાંગ્લા દેશમાં ભડકેલો દાવાનળ, ભૂખમરો એ બધાંથી પણ વધારે માનવતા અંતઃકરણનું ધોવાણ વાતાવરણમાં અનિશ્ચિતતા વળી કેટલીય સમસ્યાઓ જાણે પેટર્ન બની ચૂકી છે. વૈશ્વિક પડકારો, પર્યાવરણ, ડહોળાયેલા રાજકારણની અસર નિર્ણય લેવાની વ્યક્તિગત સ્વતંત્રતા પર તરાપ સહિયારાપણાની ભાવના અને સામાજિક અખંડતાના સવાલો એમાં વળી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સાર્વત્રિક બોલબાલા ઉચ્ચતમ કાર્યક્ષમતાનું વચન આપે છે. પંરતુ માનવ કૌશલની ઉચ્ચતાને અસ્થિર કરી રહી છે. ઈશ્વરીય સમી સર્જકતામાં બાહ્ય દખલગીરી માનસિક સમસ્યા સામુહિક બીમારી સાથે 2026નું વર્ષ આવા પડકારોની સાથે આપણને નવા વર્ષના સંકલ્પો પછીના આશાબધ્ધ દરેક ક્ષેત્રમાં પ્રામાણિકતા, નિષ્ઠા, સચ્ચાઇ, પારદર્શકતા અને વિકાસ યોજના સફળ રહે એવું 2026નું વર્ષ રહે એ જ કામના.

**ગંગાધરા - જમિયતરામ શર્મા**

## ઈન્દોરની ગતિવિધિ

રાષ્ટ્રમાં સ્વચ્છ નગર તરીકેનો શ્રેષ્ઠ પુરસ્કાર સતત મેળવ્યા બાદ અચાનક પોલ ખૂલી ગઈ. દૂષિત જળને કારણે અનેક નગરજનો બીમાર થઈ ગયાં. અનેકનાં મરણ નીપજ્યાં. દયા દાન વૃત્તિથી ભિખારીઓ પણ ત્યાં ધનસંપત્તિ ભેગી કરી શકે છે. હાલમાં જ એક ચોંકાવનારા સમાચાર પ્રગટ થયા છે. ઈન્દોરમાં એક લખપતિ ભિખારી સચિન અખબારમાં છવાયો છે. તેની પાસે માલિકીનાં ત્રણ મકાન, ત્રણ ઓટોરિક્ષા અને એક કારનો માલિક બન્યો છે એટલે તેને બેકાર કહેવું પણ બેકાર લાગે. માત્ર પાંચ વર્ષમાં ઈન્દોરના સરાફા બજારમાં ચારથી પાંચ લાખ રૂપિયા વ્યાજે આપ્યા છે. આંગળીઓ અને પગથી લાચાર છે.

કારમાં જવા માટે તેણે ડ્રાઈવર પણ રાખ્યો છે. વ્યાજે ધીરેલા ચારસોથી પાંચસો રૂપિયાથી દૈનિક હજારથી બારસો રૂપિયા વ્યાજે મળે છે. ઉપરાંત ભીખ દ્વારા રોજ ચારસોથી પાંચસો રૂપિયા મળે છે. સ્વસ્થ શરીરનો અભાવ છે અને શરીર રોગપીડિત છે છતાં ધનસંપત્તિની માયા વળગેલી છે. મોહમાયામાં શારીરિક દુઃખ વિસરી ગયેલા એ ભિખારી એક અજાયબીભરેલું વ્યક્તિત્વ જ ગણી શકાય.

**સુરત - યુસૂફ એમ ગુજરાતી**